**ફોજદારી કેસ નં.: 143955/2023**

(૧) આજ રોજ રાષ્ટ્રીય લોક અદાલતમાં મુખ્ય ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રી ના કચેરી આદેશ મુજબ સ્પેશ્યલ મેજીસ્ટ્રેયલ સીંટીગનું આયોજન કરવામાં આવેલ છે. આ કેસમાં આરોપીએ હાજર થઈ ગુનાની કબુલાત અંગે પુરશીસ રજુ કરતા સદર કેસ હાથ ઉપર લેવામાં આવેલ છે. જે મુજબ ફરીયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, આ કામના આરોપીઓ સામે ભારતીય દંડ સહીતાની કલમ–૨૭૯ તથા મોટર વ્હીકલ એકટની કલમ– ૧૮૪ મુજબના ગુનાનો આરોપ છે અને તે આરોપીએ સ્વૈચ્છાએ ગુનાની કબૂલાત કરેલી છે. તેઓની રજૂઆત છે કે, તેઓનો આ પ્રથમ ગુનો છે, મધ્યમ વર્ગના છે, કોર્ટ સમક્ષ દયાની માંગણી કરીને ફરીથી આવો ગુનો નહિ કરવાનું જણાવેલ છે. અત્રેની અદાલતે તેઓને સજાની જોગવાઈ અંગે સમજાવવા છતાં તેમજ કબૂલાત કરવા બંધાયેલ નથી તેવી સમજ આપવા છતાં આરોપીએ તેના નિવેદનમાં સ્વૈચ્છાપૂર્વક ગુનો કબૂલ કરેલ છે અને પોતાનો પ્રથમ ગુનો હોઈ અને પોતે ભવિષ્યમાં ગુનો નહિ કરે તેની ખાતરી આપી, રહેમ કરવા રજૂઆત કરેલ છે.

(૨) આરોપીએ દયાની માંગણી કરેલ હોઈ, આરોપીની રજૂઆત તથા કબૂલાત અને કેસના સંજોગોને ધ્યાને લેતા, તેમજ **રમેશચંદ્ર ભીખાલાલ સોની વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, જી.એલ.એચ. ૨૦૧૩(૨) ૯૭૪** ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં રાખતા તેમજ **ગુજરાત હાઈકોર્ટનાં ૨૦૦૫ (૧) જીએલઆર ૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદજી ઠાકોર** ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં રાખતા, તેમજ સ્પેશીયલ સીટીંગનું આયોજન કરવામાં આવેલ તે લક્ષમાં રાખતા, જો પૂરતા અને વ્યાજબી કારણો હોય, તો દરેક કેસની હકીકતને ધ્યાને લઈ, નીચેની અદાલતને કાયદામાં કરેલ જોગવાઈ કરતા પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. આ ચુકાદાના સિધ્ધાંતને ધ્યાને લઈ તથા આરોપીના સંજોગોને ધ્યાને લેતા, આરોપીને હળવી સજા કરી, હળવી તથા ઓછી

સજા કરવા માટેના વાજબી અને  વિશિષ્ટ કારણો જણાતા હોઈ, આરોપી ઉપર દયા બતાવી, સુધરવાની તક આપવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ હોઈ, ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરૂં છું.

**-: હુ ક મ :-**

**૧.** આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ-૨૫૨ અન્વયે ભારતીય દંડ સંહીતાની કલમ-૨૭૯ તથા મોટર વ્હીકલ એકટની કલમ- ૧૮૪ મુજબના ગુના બદલ કુલ  રૂા.૧,૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર પુરા) નો દંડ તથા દંડ ના ભરે તો દિન-૧૫ (પંદર) ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** કિમતી મુદ્ધામાલ અથવા મોબાઈલ ફોન/વાહન બાબતે કોઈ વચગાળાની કસ્ટડીનો હુકમ કરેલ હોય તો તેને કાયમ કરવામાં આવે છે. જો કિમતી મુદ્ધામાલ બાબતે કોઈ હુકમ કરવામાં આવેલ ના હોય તો તે બાબતે અલગથી  ઈન્કવાયરી કરવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ વેલ્યુબલ મુદામાલ ના હોય તેવા મુદ્ધામાલનો અપીલ સમય વીત્યેથી ધોરણસર નાશ કરવો.

હુકમ આજ રોજ તા.૦૮ મી માહે માર્ચ સને-૨૦૨૫ ના રોજ સ્પેશીયલ સીટીગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**(MR.B.P.Mahida)**
**GJ-01122**
**30th ADDI.CHIEF JUDICIAL MAGISTRATE AHMEDABAD CITY.**

**Date 08/03/2025**
**Place: AHMEADABAD**
**SPECIAL SITTING**